# નિવેદન

છેલ્લાં કેટલાંક વર્ષો વાતચીત દરમિયાન રવીન્દ્રનાથે જે બધી વાતો ચર્ચા વગેરે કર્યાં હતાં તે બધું આ પુસ્તકમાં શ્રીમતી રાણી ચંદ જનસાધારણ સમક્ષ લાવ્યાં છે. આ લખાણ રવીન્દ્રનાથ જોઈ શક્યા નહોતા. આમાં એવું કંઈક હોઈ પણ શકે જે તેઓ બદલવાનું કે કાઢી શકવાનું વિચારી શકત.

મુખેથી બોલેલી વાતોને લખાણની ભાષાનું સ્વરૂપ આપીને લેખિકાને જો સફળતા મળે તો એ સાફલ્ય એમનું જ; જો કોઈ ખામી રહી ગઈ હોય તો એને માટે પણ તેઓ જ જવાબદાર.

**– શ્રી ચારુચંદ્ર ભટ્ટાચાર્ય**

શ્રાવણ-1349

સન-1942

અનુવાદ - સુજ્ઞા શાહ

# આલાપચારી રવીન્દ્રનાથ

## ૭મી જુલાઈ, ૧૯૩૪

સવારે ગુરુદેવને પ્રણામ કરવા આવી, જોયું તો ગુરુદેવ લખવાના ટેબલની ખુરશી સામે ખુરશી પર ટેકો દઈને બેઠા છે, ચિંતિત, ગંભીર ભાવ. પ્રણામ કરીને બોલ્યા વગર પીઠ આગળ ઊભી રહી. થોડી વાર પછી તેઓ કલાન્ત ભાવે માથું હલાવતાં હલાવતાં કહેઃ

*“જો, આ સંસાર જરા પણ સારી જગ્યા નથી. ચારે બાજુ એવી દુઃખ કષ્ટથી ઘેરાયેલી - ચારેય બાજુ કેવો અંધકાર. હવે મને ગમતું નથી. રાત્રે જ્યારે સૂવા જાઉં ત્યારે મારું મન ગ્લાનિથી ભરાઈ જાય છે. આ સંસારમાં હવે કદમ માંડવાની ઇચ્છા નથી થતી, નથી ઇચ્છા થતી કોઈ કામ કરવાની. હમણાં કોઈએ પૅલેસ્ટીન જવાનું કહ્યું. શું થશે. હવે મૃત્યુ આવે તો સારું. મારાં બધાં દુઃખો તારી આગળ કહીશ તો શું થવાનું છે. તારો હવે નવો સંસાર, નવું મન, નવું કામ. જેટલા દિવસ બને એટલા દિવસ આ મનથી આગળ જા.”*

## સાંજ

સવારથી ગુરુદેવ એકધાર્યું લખ્યે જ જાય છે. સાંજનું અંધારું ઘેરું થતું જાય છે, ઓરડામાં દિવસનું અજવાળું ક્યારનુંય આછું થઈ ગયું છે. આટલા થોડા પ્રકાશમાં લખવું ઘણું કષ્ટદાયક. મેં કહ્યું - હવે લખવાનું બંધ કરી થોડી વાર ધીરે ધીરે ચાલીએ. સાંભળીને જે પાનાં પર લખતા હતા તે પાનામાં પેન મૂકીને નોટ બંધ કરી કહે.

આજ તો પત્યું. હવે ચિંતા થાય છે પાછું પૅલેસ્ટીન જવું પડશે; પણ આવું કેટલા દિવસ ચાલશે! હવે આ શરીરથી કશું થતું નથી. હવે હલનચલન સહન થતું નથી. ક્યારે મુક્તિ મળશે. કોઈ જ કામ ન હોય, ખાલી બારી પાસે બેસીને બસ આકાશ, ઝાડ, રસ્તો, લોકો જોતાં જોતાં દિવસ પસાર કરું. લખવાનું, બસ લખ્યા કરવાનું, હવે નથી ગમતું. ચિત્ર પણ નથી કરી શકતો. જ્યારે પણ વિચારું હવે ચિત્ર કરું, યાદ આવે આટલું આટલું કામ બાકી છે, બધું પતાવીને પછી ચિત્ર કરીશ, પણ એ બાકી જ રહે છે, કેમેય પૂરું નથી થતું. એનાથી મુક્તિ નથી

મળતી. કર્મસ્થાનમાં મારે શનિ છે, મારી પાસે કામ કરાવે ને કરાવે જ. એમાં કહ્યું છે કે આખી જિંદગી મારે કામ કરવું જ પડશે. શરૂઆતમાં ઘણો આઘાત, વ્યાઘાત, કટાક્ષ, કષ્ટ, દુઃખ થશે, પાછળથી યશ મળશે; એવું જ થાય છે.

## ૮મી જુલાઈ, ૧૯૩૪

બપોરે ગુરુદેવે મને બોલાવડાવી, સમજી ગઈ ચિત્ર કરતા હશે. નહીં તો આ સમયે મને બોલાવે નહીં. જઈને જોયું એવું જ હતું - ચિત્ર કરતા હતા. ચિત્ર કરતાં કરતાં બોલ્યાઃ

> *"મારા ચિત્રમાં એક મજા છે. ચિત્રમાં એક જ વાર રંગ લગાવું એવું નથી હોતું. પહેલાં પેન્સિલથી ઘસી ઘસીને બરાબર રંગ તૈયાર કરી, પછી એની ઉપર બીજો રંગ લગાવું. એમાં એવું થાય - રંગ ખાસ્સો ઘાટો થાય."*

## સાંજ.

> *"જો આ પૃથ્વીમાં કશુંય અટકી નથી જતું. પછીથી બરાબર થઈ જ જતું હોય છે."*

## ૯મી જુલાઈ, ૧૯૩૪

> *"આજકાલ એટલું ધીમે ધીમે લખું છું, આગળ જાણે વધાતું જ નથી. થોડાકમાં થાકી જાઉં છું. ચિત્ર કરતાં પણ એમ જ. ક્યારે મુક્તિ મળશે. ક્યારે મને બધાં કહે કે, "હવે તમારી પાસે અમારે કશું જોઈતું નથી, હવે તમારે રજા." મારા એકલા માટે હોત તો કશું વિચારત નહીં, બીજાં બધાંને માટે કરવું પડે છે. આ હમણાં કંઈ લખું છું, થોડા પૈસા મળશે. પૈસા, પૈસા - અભાવ પૂરો જ થતો નથી. મારા પોતાના જીવનમાં તો એની કોઈ જરૂર નહોતી. આ મેં કોઈ દિવસ વિચાર્યું નહોતું."*

## બપોર

> *"જો, હું માનું છું કે દરેક સ્ત્રીએ જીવનમાં કમાવું જરૂરી છે. કોઈ પણ ક્રાફ્ટ શોખથી નહીં વ્યાવસાયિક રીતે કરવું પડે. ખાલી ક્રાફ્ટ કેમ, જે પણ કંઈ, જેથી કરીને એ આત્મનિર્ભર બની શકે. સ્ત્રીઓ માટે પોતાના પગ પર ઊભાં રહેવું બહુ જ જરૂરી છે. જેવી રીતે તરતાં આવડતું હોય તો ગમે તેવા પાણીમાં તરીને પાર કરી શકો; પાણીનો ડર ન લાગે. શીખી રાખવું સારું."*

## ૧૩ જુલાઈ, ૧૯૩૪

ગાંધીજી કલકત્તા આવવાના છે. સાંભળીને ગુરુદેવે એમને શાંતિનિકેતન આવવા માટે તાર કર્યો હતો. સાંજે જોયું તેઓ ચૂપચાપ બેઠા છે. પાસે જતાં બોલ્યા,

*"ગાંધીજીએ તાર કર્યો છે કે મારા આ વખતના આમંત્રણને તેઓ માન નહીં આપી શકે, દુઃખિત; કલકત્તાના કામમાં બધા દિવસો 'બુક' થઈ ગયા છે. થોડો પણ સમય નથી રહ્યો. શું થાય. ગાંધીજી કલકત્તા આવે છે ને, મળશે નહીં. મોટી સમસ્યા. અહીં ન આવ્યા એટલે હું પણ એમને કલકત્તા મળવા ન જાઉં, એ કેવું છોકરમત લાગે. કલકત્તા જઈને એમને એક વાર મળવું જ પડશે. પાછું ત્યાં જઈને બધામાં જોડાવું પડશે. કોઈક જગ્યાએ ભાષણ, કોઈક જગ્યાએ મીટિંગ, કોઈક જગ્યાએ રિસેપ્શન કરવું જ પડે - એક દિવસ મળવું પણ પડશે, બધાંના વતી કંઈ બોલવું પણ પડશે."*

## ૧૪ જુલાઈ, ૧૯૩૪

ઘણી વાર જોઉં, ચાલતાં ચાલતાં ગુરુદેવના પગ ડગમગી જાય. લાકડી લઈને ચાલવાનું એમને ગમતું નહીં, કોઈ એમને પકડે એ પણ એમને પસંદ પડતું નહીં. એમને થોડુંક પણ ચાલતાં કેટલું કષ્ટ પડતું હતું, જોઈને રહેવાતું નહીં, અને કશું કરી પણ શકતી નહોતી. એક ઘેરથી બીજા ઘેર જાય આવે ત્યારે અમે આજુબાજુ પાસે રહેતાં. વચ્ચે વચ્ચે ડગમગી જાય ત્યારે પોતાને સંભાળી ન શકે ત્યારે અમે જે લોકો આજુબાજુ હોઈએ એમના ખભા પર હાથ રાખે. આજે સાંજે તેઓ ચાલી રહ્યા હતા. કોઈની ઉપર આધાર રાખીને ચાલતાં એમને ફાવતું નહીં. કહેવા લાગ્યાઃ

*"જો, કોઈની ઉપર આધાર રાખવો પડે - આ ઉંમર ખૂબ ખરાબ છે. મને કોઈ દિવસ કોઈની ઉપર નિર્ભર થવું ગમ્યું નથી. ક્યારેય થયો નથી. કોઈ દિવસ થવું પડશે એ કોઈ દિવસ વિચાર્યું નહોતું, પણ હવે જોઉં છું ડગલે ને પગલે મારે બીજાનો આધાર લેવો પડે છે, એનો કોઈ ઉપાય નથી, પોતાની શક્તિ રહી નથી. આ એકદમ મારા સ્વભાવ વિરુદ્ધનું. વિચારતાં એટલું દુઃખ થાય."*

## ૨૫ જુલાઈ, ૧૯૩૪

નેતરની ખુરશી પર ગુરુદેવ બેઠા છે, સામેના નાના ટેબલ પર બે નોટબુક, નાની ડાયરી - એમાં કવિતા લખે, અને પેન રાખવાનું એક નાનું લાંબું ચાંદીના તારની કારીગરીવાળું બૉક્સ. નારંગી રંગનો ઝભ્ભો શરીર પર - સફેદ રેશમ જેવા વાળ અને દાઢી ચમકે છે. દૂર જોતી મુગ્ધ દૃષ્ટિ. લખતાં લખતાં લાગે છે એક વાર પ્રકૃતિની શોભામાં તન્મય થઈ ગયા છે. સ્થિર થઈને હું એમને જોતી હતી, તેઓ દૂર જોતા હતા. આમ ઘણો સમય પસાર થઈ ગયો. કોઈ કારણસર આ બાજુ ફરીને જોયું, મને જોઈને મધુર ભાવે હસીને ઉદાસ આંખેથી ધીરે ધીરે બોલવા લાગ્યાઃ

> *“સંસારમાં કોઈ ચિંતા ન હોત તો સારું થાત. કેવું સુંદર ઘેરાયું છે, પણ વરસાદ પડતો નથી; ટપ્ ટપ્ એક બે ફોરાં, થોડો થોડો પવન -” કહેતાં કહેતાં એમના ચહેરાનો સ્નિગ્ધ ભાવ અદૃશ્ય થઈ ગયો. ક્લાન્તિનો નિઃશ્વાસ કાઢીને બોલી ઊઠ્યાઃ “આવા દિવસે કોઈ જગ્યાએ બેઠાં બેઠાં થોડો આરામ કરું, ચૂપચાપ બેઠાં બેઠાં આ બધું જોઉં - ના, સંસારની જેટલી ચિંતાઓ, બીજાની જવાબદારીમાં એવો લાગ્યો છું. વિધાતા જે છે - જ્યારે લેવો હશે ત્યારે લઈ લેશે - મુશ્કેલીઓ પૂરેપૂરી આપ્યા પછી, આ બાજુનાં મોજાંઓની થપાટો ખાતાં - બને એટલી હેરાનગતિ આપ્યા પછી લેશે.”*

### બપોર

સવારથી આજ ઝરમર ઝરમર વરસાદ પડી રહ્યો છે, બપોરે પણ પડી રહ્યો છે. મનમાં કંઈ સારું લાગતું નહોતું, ધીરે ધીરે ગુરુદેવ પાસે ગઈ. નાના ટેબલ પર નમીને કંઈ લખતા હતા. પગ પાસે જઈને બેઠી, એમણે માથા પર હાથ ફેરવ્યો. એને લીધે એમને ખ્યાલ આવી ગયો કે હું વરસાદમાં પલળતી પલળતી આવી છું. મારું માથું હલાવીને કહે, *“વાળ આટલા બધા કેમ ભીના છે! તારા માથામાં ઘણી ખાલી જગ્યા છે; આનાથી ભરી દઈશ તો સારું નહીં થાય.”*

મારા માથાની ખાલી જગ્યા સંબંધે એમનો ઇશારો જરા પણ આનંદદાયક નહોતો, ખાસ કરીને મારા માટે. ખોટું લગાડ્યા વગર હસી જ પડી - એમની સામે જોઈને.